## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન કાળી કાજુ કલાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન પંચરંગી ઘટાના હિંડોળા યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સાંજે ૪.૦૦ કલાકે જયંતભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૫૪, પંચશીલ પાર્ક, સે-૨૧ ખાતે લઘુરૂદ્ર અભિષેક યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે જન મંગલ નામાવલીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે વિનોદભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ડી-૩૦૨, રાધે રેસીડેન્સી, કોબા રોડ, સીટી પલ્સ સામે, કુડાસણ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯.૦૦ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે દશામાના મંદિર ખાતે માતાજીનો ગરબો યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કરૂણાબેન કુમાવતના નિવાસસ્થાન એ-૩૦૧, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ ખાતે સવારે ૭.૩૦ કલાકે રૂદ્ર પૂજા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે નરેન્દ્ર વ્યાસના નિવાસસ્થાન બ્લોક નં. ૧૦૪/૫, છ ટાઈપ, સે-૨૩ ખાતે રાત્રિના ૯.૦૦ કલાકે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬, સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિષ્ણુભાઈ જાનીના નિવાસસ્થાન ૫૬૧/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯.૦૦ કલાકે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પૂજ્ય મધુસુદનદાસ બાપુની શ્રી શિવપુરાણ કથાનો પ્રારંભ થશે.

● સે-૧, સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન 'વિષ્ણુ સહસ્ત્રનામ' વિષય ઉપર પૂજ્ય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

# શહેરના જન્મદિને છ હજારથી વધુ વૃક્ષો વવાયા

**શહેરના પર્યાવરણ પ્રેમી નગરજનો તથા સંસ્થાઓએ વૃક્ષારોપણ થકી પાટનગરને ફરી ગ્રીનસીટીનો દરજ્જો મળે તે માટે કમર કસી : વનશ્રી ટ્રસ્ટ તથા બીબીએ કોલેજના સંયુકત ઉપક્રમે ૫૨૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું**





ગાંધીનગર, તા.૨

આજે ગાંધીનગર શહેરે તેનો ૫૨મો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો હતો. હરિયાળા શહેરની ઓળખ ધરાવતા પાટનગરના નગરજનોને પ્રકૃતિ સાથે એટલો બધો લગાવ છે કે શહેરના સ્થાપના દિનની ઉજવણી સ્વયંભૂ રીતે ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી. માત્ર આજના દિવસે જ શહેરમાં આશરે છ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરાયું હતું જે દર્શાવે છે કે ગાંધીનગરવાસીઓ આ શહેરને સદાય હરિયાળું જ રાખવા માંગે છે.

આજના વિક્રમજનક વૃક્ષારોપણ માટે શહેરની વિવિધ સેવાકીય સંસ્થાઓ તથા શાળા કોલેજો સહિત પર્યાવરણ પ્રેમી નગરજનોએ પોતાનો ફાળો આપ્યો હતો. ગાંધીનગર સમાચાર દ્વારા હાથ ધરાયેલા 'આવો શહેરને હરિયાળુ બનાવીએ' અભિયાન શહેરના પર્યાવરણ પ્રેમને બિરદાવે છે.

**● વનશ્રી ટ્રસ્ટ અને બીબીએ કોલેજ**

ગાંધીનગરના ૫૨મા જન્મદિવસે વનશ્રી ટ્રસ્ટ દ્વારા બીબીએ કોલેજના૩૦૦ વિદ્યાર્થીઓની મદદથી શહેરના તમામ સેકટરોમાં પ્રાથમિક શાળાઓમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરી ૫૨૦૦ રોપાનું વાવેતર કર્યું હતું. આ અભિયાન અંતર્ગત શાળાઓ ઉપરાંત કોલેજ, સરકારી દવાખાના, ફાયર સ્ટેશન, ઈન્ફોસીટી, જીઈબી અને વાવોલ ખાતે પણ વૃક્ષારોપણ હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં વનશ્રી ટ્રસ્ટના ઉત્કર્ષ ગુપ્તા, દર્શિત પુરોહિત, શીતલ પટેલ, જેની બેનોઈ, મહાવીર નિમાવત સહિત ૫૦ સ્વયંસેવકો ઉપરાંત ઈટેઈક કંપનીના ૪૦ સભ્યો અને પ્રગતિ મહિલા મંડળની બહેનો પણ જોડાઈ હતી.

**● ગુંજ ફાઉન્ડેશન**

ગુંજ ફાઉન્ડેશનના યુવાનોએ ગાંધીનગરની સે-૧૬ ખાતેની પ્રાથમિક શાળામાં પાટનગરના



સ્થાપના દિનની ઉજવણી વૃક્ષારોપણના કાર્યક્રમ થકી કરી હતી. આ કાર્યક્રમમાં ગુંજ ફાઉન્ડેશનના યુવાનોએ પ્રાથમિક શાળાના બાળકોને વૃક્ષારોપણના ફાયદા સમજાવ્યા હતા અને વાવેલા વૃક્ષોનું જતન કરવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, શાળાના આચાર્ય અરૂણભાઈ પટેલ તથા ગુંજ ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણા સહિત અન્ય યુવા સભ્યો અને શાળાના શિક્ષકો જોડાયા હતા.

**● જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર**

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર તથા તેની મહિલા પાંખ સાહેલી દ્વારા પેથાપુર નજીક ચરેડી પાસેના ફાર્મમાં ૧૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ જાયન્ટસ ઈન્ટરનેશનલન વર્લ્ડ ચેરમેન પદ્મશ્રી નાના ચુડાસમાના ૮૫માં જન્મદિન નિમિત્તે યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના પ્રિન્સિપાલ ચીફ કન્જરર્વેટર જગદીશ પ્રસદ, જાયન્ટસ ઈન્ટરનેશનલના ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન બી.જે. પટેલ, જાયન્ટસ અમદાવાદના યુનિટ ડાયરેકટર આર.બી. પટેલ, બી.એમ. પટેલ, સાંકાભાઈ પટેલ, ડી.ટી. પટેલ, ગાંધીનગર જાયન્ટસ ગૃપના પ્રેસિડેન્ટ જે.એમ. પટેલ, સાહેલીના પ્રેસીડેન્ટ મનીષા પટેલ ઉપરાંત ગાયત્રી પટેલ, અંકિતા પટેલ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**● સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સે-૭**

ગાંધીનગરના ૫૨માં સ્થાપના દિન નિમિત્તે યોજવામાં આવેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં શાળાના આચાર્ય વનિતાબેન બુટાણી, કો ઓર્ડિનેટર ડી.એન. વાટલિયા, વનશ્રી ટ્રસ્ટના હંસાબેન પરમાર અને કામિનીબેન પરમાર, બીબીએ કોલેજના સેવકો ધવલ દરજી, કુણાલ અઘારા, મૌલિક કાનાણી, રવિ રામાણી, સાગર કદાવલા, બિપિન પરમાર, લક્ષ્મણ ગુર્જર ઉપરાંત શાળાના કોમ્પ્યુટર ઈન્સ્ટ્રકટર પૂનમબેન સહિત વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. આ વૃક્ષારોપણમાં દરેક વૃક્ષને વિદ્યાર્થીઓના નામ સાથે જોડી દત્તક લેવામાં આવ્યા હતા જેથી તેનું જતન કરી ઉછેર થઈ શકે. વૃક્ષારોપણ થકી શહેરને ગ્રીનસીટી બનાવવા તમામે કટિબધ્ધતા જાહેર કરી હતી.

**● સરકારી વિજ્ઞાન કોલેજ, સે-૧૫**

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના એનએસએસ એકમ તથા વનશ્રી ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા ગાંધીનગરના સ્થાપના દિનની ઉજવણીના રોજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. પી.એ. વાઢેર, એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડૉ. યુ.પી. તરપદા તેમજ વનશ્રી ટ્રસ્ટ વતી મૌલિકભાઈ, દર્શીતભાઈ તથા કોલેજના એનએસએસ એકમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એનએસએસ એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર સાથે આ કાર્યક્રમમાં જોડાવા બદલ પ્રોગ્રામ ઓફીસર ડૉ. યુ.પી. તરપદા એ વનશ્રી ટ્રસ્ટ, ગાંધીનગરના અંજનાબેન નિમાવતનો આભાર વ્યકત કર્યો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગર શહેરના જન્મદિવસે વધામણી અને શુભેચ્છાના બેનર્સ શહેરના ચાર રસ્તાઓ પર વિવિધ અગ્રણીઓ દ્વારા લગાડાયા હતા.શહેરના જન્મદિવસે અનેક જગ્યાએ કેક કટિંગ અને વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાયા હતા.

● સમગ્ર દિવસ દરમિયાન આકાશમાં કાળા ડિબાંગ વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. દિવસમાં અનેકવાર એવું લાગ્યું હતું કે ધોધમાર વરસાદ તુટી પડશે પરંતુ એવું ના થતા નગરજનોએ માત્ર વરસાદી છાંટાઓથી સંતોષ માનવો પડયો હતો.

● રાજયના મુખ્યમંત્રી પદે આનંદીબેન પટેલના અનુગામી કોણ બનશે તે મુદ્દો દિવસભર ટોક ફ ધ ટાઉન બનીન રહ્યો હતો. આ મુદ્દે શહેરના સટ્ટા બજારમાં પણ તેજી આવી હતી અને સટ્ટાખોરોએ વિવિધ નામો પર પોતાનું નસીબ અજમાવવા દાવ ખેલ્યા છે.

● સિવિલ હોસ્પિટલની ગાંધીનગરના ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલે તાજેતરમાં મુલાકાત લીધી હતી અને હોસ્પિટલ સંકુલમાં તમાકુ, ગુટકા વગેરે લઈને પ્રવેશ અટકાવવા સૂચન કર્યું હતું. ધારાસભ્યના સુચનના પગલે સિવિલ હોસ્પિટલ ખાતે દરેક મુલાકાતીઓની તપાસ કરવામાં આવી રહી છે અને તમાકુ, ગુટકા વગેરે લઈને હોસ્પિટલમાં મુલાકાતીઓને પ્રવેશતા અટકાવાઈ રહ્યા છે.

# પ્રાંતિયા પાસે લકઝરી અને આઈશર વચ્ચે ગમખ્વાર અકસ્માત : પાંચને ઈજા





ગાંધીનગર, તા. ૨

ચિલોડા-નરોડા નેશનલ હાઈવે-૮ પર આજે વહેલી સવારે મુસાફરો ભરેલી લકઝરી અને આઈશર ટ્રક વચ્ચે પ્રાંતિયા વળાંક પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે દોડી આવતા બંને વાહન સામ સામે ધડાકાભેર અથડાતા બંને વાહન માર્ગની આસપાસ પલ્ટી ખાઈ ગયા હતા અને બંને તરફથી વાહન વ્યવહાર સંપૂર્ણ ઠપ્પ થઈ ગયો હતો. આ અકસ્માતમાં છ જેટલા મુસાફરોને ગંભીર અને સંખ્યાબંધ મુસાફરોને નાની મોટી ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર નરોડા-ચિલોડા-નેશનલ હાઈવે-૮ પર દિન પ્રતિદિન અકસ્માતોનો ગ્રાફ સતત વધી રહ્યો છે. જેમાં દરરોજ એક-બે વાહન ચાલકો મોતને ભેટે છે. આમ આજે સવારે આ માર્ગ પર ફરી ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

ચિલોડા-નરોડા માર્ગ પર વહેલી સવારે ૭ વાગ્યાના સુમારે અમદાવાદથી ચિલોડા તરફ આઈશર ટ્રક નં. જીજે ૨૭ ટી ૪૫૪૫ અને ચિલોડાથી અમદાવાદ તરફ જતી મુસાફરો ભરેલી લકઝરી બસનો બરોબર પ્રાંતિયા વળાંક પાસે જોરદાર અકસ્માત થયો હતો. અકસ્માત સર્જાતા જ મુસાફરો ચિચિયારીઓ વચ્ચે બસમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. અકસ્માતને લીધે મુસાફરોના જીવ તાળવે બંધાયા હતા. સામસામે વાહન ટકરાતા આઈશર ટ્રક માર્ગ પરથી પલ્ટી ખાઈ ગઈ હતી જયારે બંને વાહનના આગળના ભાગના ફુરચેફુરચા ઉડી ગયા હતા.

આ બનાવ અંગે પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ થતા તુરંત બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાબડતોબ ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે આખો ચિલોડા-નરોડા માર્ગ ૩ કલાક સુધી ઠપ્પ થઈ જતા ભારે ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા હતા. પોલીસે તાબડતોબ કલાકોની જહેમત બાદ વાહનવ્યવહાર હળવો કરાવ્યો હતો. ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઈજાગ્રસ્તોના નામ આ મુજબ છે : ભરતભાઈ પટેલ, રાજુભાઈ ડાભી, રામબજરંગ ગુજ્જર, મહેન્દ્રપુરી ગોસ્વામી, જસ્વીર યાદવ.

# જિલ્લા કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૨

જિલ્લા કક્ષાની રસ્તા ખેંચ સ્પર્ધા સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના ઉચ્ચ માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ રસ્સા ખેંચ સ્પર્ધામાં શાળાની રશ્મિકા ચૌધરી, ભારતી ચૌધરી, મમતા ચૌધરી, વર્ષા ચૌધરી, પવન ચૌધરી, લલિતા ચૌધરી, મંજુ ચૌધરી, જીજ્ઞા ચૌધરી અને દીપીકા ચૌધરી સહિતની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી. વિજેતા વિદ્યાર્થીનીઓ ટૂંક જ સમયમાં રાજયકક્ષાએ ભાગ લેશે. શાળાની વિદ્યાર્થીનીઓને આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરિયા, હેતલબેન દેસાઈ અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# નભોઈ ગામે કવારીના સુપરવાઈઝરને કવારી માલિકે ઢોર માર માર્યો

ગાંધીનગર, તા. ૨

નભોઈ ગામે કવારીમાં કામ કરતા સુપરવાઈઝરને ચોરીના આરોપસર કવારી માલિકાઓ ફાર્મ હાઉસમાં ગોંધી રાખી ઢોર માર માર્યો હતો. હેવાન બનેલા કવારી માલિકો ક્રુરતાની હદ વટાવીને ફાર્મ હાઉસમાં પાળેલા કુતરાને સુપરવાઈઝર પાછળ છુટા મુકી દીધા હતા અને કુતરાએ તે યુવાનને લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી જયારે પરિવારજનોએ સવારે ઈજાગ્રસ્ત યુવાનને છોડાવી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના પાલજ ગામે ઘનશ્યામસિંહ વિક્રમસિંહ બિહોલા રહે છે અને આ યુવાન છેલ્લા ઘણા સમયથી નભોઈ કામે કવારીમાં સુપરવાઈઝર તરીકે કામ કરે છે.

બે દિવસ અગાઉ કવારીના ત્રણ જેટલા શખ્સો પાર્થ, ભાવેશ અને રોનક કવારીમાં ચોરીનો આરોપ ઘનશ્યામસિંહ પર મુકયો હતો અને મોડી સાંજે ફાર્મ હાઉસ પર બોલાવી તેને ઢોર મારી અધમરો કરી નાખ્યો હતો અને હેવાન બનેલા ત્રણેય શખ્સોએ ફાર્મ હાઉસમાં રાખેલા કુતરા આ યુવાન પાછળ છુટા મુકી દીધા હતા અને કુતરાએ યુવાનને બચકા ભરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. બાદમાં આખી રાત ફાર્મ હાઉસમાં ગોંધી રાખી ક્રુરતા વરસાવી હતી. ઈજાનો ભોગ બનેલ આ યુવાન સુપરવાઈઝર ઘરે ન આવતા પરિવારજનો શોધખોળ કરી કવારી માલિકોના ચૂંગાલમાંથી તેને બચાવી સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# પ્રાથમિક શાળાના બાળકોએ રાજપુરને 'મચ્છર મુકત' ગામ બનાવ્યું

**સમગ્ર ગામમાંથી પ્લાસ્ટિકનો કચરો વીણી ભરાયેલા પાણીનો નિકાલ કર્યો : ગ્રામજનોની જાગૃતિ અંગે પોસ્ટરો બનાવી દરેક ઘરના દરવાજે લગાડયા**

ગાંધીનગર, તા.૨

વર્ષાઋતુના સૌંદર્ય સાથે સાથે આ મૌસમમાં ફેલાતી ગંદકી અને રોગચાળાની વાસ્તવિકતા પણ જોડાયલી છે. ઠેર ઠેર પાણીના ભરાવાનો કારણે મચ્છરોની ઉત્પત્તિ વધી જાય છે જે મેલેરિયા, ડેન્ગ્યુ જેવા અનેક રોગો લઈને આવે છે. ગાંધીનગર તાલુકાના રાજપુર ગામે પ્રાથમિક શાળાના બાળકોએ સમગ્ર ગામમાંથી મચ્છરોને નાબૂદ કરવાનું બીડું ઝડપ્યું અને ગામને 'મચ્છર મુકત' ગામ બનાવ્યું છે.

ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારમાં કાચા રસ્તા, ઢોર ઢાંખરનું વધુ પ્રમાણ વગેરે કારણે ગંદકીનું પ્રમાણ વધુ રહેતું હોય છે. આ પરિસ્થિતિમાં રોગ જન્ય જીવાણુઓની ઉત્પત્તિ પણ વધુ થતી હોય છે. ઠેર ઠેર ભરાઈ રહેલા વરસાદી પાણીના ખાબોચિયા, નકામા ટાયરો, પ્લાસ્ટિકની કોથળીઓ વગેરેમાં ભરાઈ રહેલ પાણીના કારણે માખી-મચ્છરોની ઉત્પત્તિનું પ્રમાણ વધી જાય છે. રાજપુર પ્રાથમિક શાળાના બાળકોએ સમગ્ર ગામમાંથી નકામા ભરાઈ રહેલા પાણીને ખાલી કરી તેમાં ઉત્પન્ન થઈ રહેલા મચ્છરોના પોરાનો નાશ કર્યો હતો અને ગામમાંથી પ્લાસ્ટીકનો તમામ કચરો




વીણી લીધો હતો. આ ઉપરાંત નાના મોટા ખાબોચિયામાં મચ્છરની ઉત્પત્તિ ના થાય તે હેતુથી તેલ નાંખી તેનો નાશ કર્યો હતો. આ ઉપરાંત શાળાના દરેક બાળકોએ ગ્રામજનોની જાગૃતિ માટે પોસ્ટર તૈયાર કર્યું હતું. આ પોસ્ટર ગામના દરેક ઘરના દરવાજે લગાડાયું હતું જેમાં 'મારું ગામ, મચ્છર મુકત ગામ' સુત્ર સાથે મચ્છરોની ઉત્પત્તિ ના થાય તે હેતુથી પાણીના વાસણો ઢાંકીને રાખવા અનુરોધ કરતી સચિત્ર માહિતિ આકર્ષક સ્વરૂપે દોરી હતી. બાળકોના આ અભિયાનથી ગ્રામજનો ખૂબ પ્રભાવિત થયા હતા. આ સમગ્ર અભિયાન બાળકોએ શિક્ષિકા બિન્દુબા ઝાલાના માર્ગદર્શન હેઠળ હાથ ધર્યું હતું.

# નીમા ફાઉન્ડેશન દ્વારા ઉનાવામાં સાંધાના દર્દીઓ માટે કેમ્પ યોજાયો

નીમા ફાઉન્ડેશન દ્વારા હોલીસ્ટીક હિલર યુ.એસ.એ.ના સહયોગથી ઢીંચણ, ખભા, ગરદન સહિતના દુખાવાઓ અને જટિલ રોગોની સારવાર માટે કુદરતી ઉપચાર પધ્ધતિથી એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સ્વામિ સદાનંદ ભારતીજી, જશુમતી અગ્રાવતે સહયોગ પુરો પાડયો હતો. વિદ્યાર્થી આશ્રમ ટ્રસ્ટ દ્વારા ૧૦૦ ઉપરાંત મેગ્નેટીક બેલ્ટ તથા સુજોક રીંગનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પનું સંચાલન કિરીટભાઈ અગ્રાવતે કર્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ જશવંત પટેલે કેમ્પને સફળ બનાવ્યા બદલ સૌનો આભાર માન્યો હતો અને હરિભાઈ પટેલ અને દાસભાઈ પટેલે પણ કેમ્પને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પંડીત શ્રીપાલ છોટુભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. પટેલ ભોગીલાલ હરગોવનદાસ, ઉ.વ.૭૬
- સ્વ. મિશ્રા મનીષ, ઉ.વ.૫૧
- સ્વ. કટારીયા નિરંજનાબેન સુરેશભાઈ
- સ્વ. ગોલ ચમુબા ટીકુજી, ઉ.વ.૭૩
- સ્વ. સોલંકી કાન્તીબેન ખોડાજી, ઉ.વ.૯૦